ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### ચંદવાણા ગામે પાણીના ખાડામાં ડૂબ્યો 7 વર્ષીય બાળક

## દાહોદ જિલ્લામાં પાણીમાં ડૂબી જતાં બાળક સહિત બેના કરુણ મોત

**પોલીસે** અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

વિતેલા ૨૪ કલાક દરમિયાન દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ બનેલા અકસ્માત મોતના બે બનાવોમાં એક સાત વર્ષીય બાળક તેમજ ૬૫ વર્ષીય વૃદ્ધાનું પાણીમાં ડૂબી જવાના કારણે અટાણે મોત નીપજ્યાનું જાણવા મળ્યું છે.

વિગત અનુસાર જિલ્લામાં બનેલા અકસ્માત મોતનો બે બનાવો પૈકીનો એક બનાવ દેવગઢબારિયા તાલુકાના રામા ગામે પટેલ ફળિયામાં બનવા પામ્યો હતો જેમાં રામા ગામના પટેલ ફળિયામાં રહેતી શાંતાબેન રંગા ભાઈ પટેલ નામની ૬૫ વર્ષીય વૃદ્ધા સાંજના ચારેક વાગ્યાના સુમારે પોતાના ઘરની બાજુમાં પાછળના ભાગે આવેલ કુવા પર પાણી ભરવા ગઈ હતી. અને કૂવા માંથી પાણી કાઢતી વેળાએ અકસ્માતે તે કૂવામાં ખાબકાતા તેણીનું કુવાના ઉંડા પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યું હતું. આ સંબંધે રામા ગામના પટેલ ફળિયામાં રહેતા મરણ જનાર શાંતાબેન પટેલના દીકરા ભરત ભાઈ રંગાભાઈ પટેલે પીપલોદ પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરતા પીપલોદ પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી. અને ગામ લોકોની મદદ લઈ મરણ જનાર શાંતા બેનની લાશને કૂવામાંથી બહાર કાઢી પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પાસ્ટ મોર્ટમ માટે પીપલોદ સરકારી દવાખાને મોકલી આપી રામાગામના પટેલ ફળિયામાં રહેતા ભારત ભાઈ રંગાભાઈ પટેલે આપેલી આ સંબંધી જાહેરાતના પગલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે જિલ્લામાં અકસ્માત મોતનો બીજો બનાવ ચંદવાણા ચંદવાણા ગામના બારીયા ફળિયામાં રહેતા કૈલાશભાઈ છત્રાભાઈ બારીયાનો પુત્ર સાત વર્ષીય ગગનરાજ કૈલાશ ભાઈ બારીયા સાંજના ચારેક ઘરની નજીક ઊંડા પાણીના ખાડામાં પડી જતા પાણીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું. ગગનરાજ બારીયાના પિતા કૈલાશભાઈ બારીયાએ કતવારા પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરતા પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪મુજબ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી વધુ તપાસ હાથ ધરી છે.

### સુરત-લખનઉની દુર્ઘટના બાદ તંત્ર જાગ્યું

## વડોદરામાં ફાયર બ્રિગેડ દ્વારા સુરક્ષાના નિયમો નેવે મૂકનારા ૧૫ કોચિંગ ક્લાસીસને ફટકારી નોટિસ

**૭ ટીમોએ** ૪૯ ક્લાસીસમાં ધામા નાખી વેન્ટિલેશન અને ઇમરજન્સી એક્ઝિટનું કર્યું સઘન ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

તાજેતરમાં સુરત અને લખનઉમાં બનેલી આગની ગંભીર દુર્ઘટનાઓને પગલે વડોદરા મહાનગરપાલિકાનું ફાયર વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ટ્યુશન અને કોચિંગ ક્લાસીસ સામે ફાયર સેફ્ટીના નિયમોના કડક અમલીકરણ માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરના સીધા નેતૃત્વ હેઠળ ફાયર બ્રિગેડની કુલ ૭ અલગ-અલગ ટીમો દ્વારા શહેરભરમાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન ટીમોએ શહેરના કુલ ૪૯ ટ્યુશન ક્લાસીસની આકસ્મિક મુલાકાત લઈ ત્યાં ઉપલબ્ધ ફાયર સેફ્ટીના સાધનો, ઈમરજન્સી એક્ઝિટ, પ્રવેશ દ્વાર અને વેન્ટિલેશન જેવી સુવિધાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કર્યું હતું. આ સઘન ચેકિંગ દરમિયાન કુલ ૧૫ શૈક્ષણિક સંસ્થાઓ અને ક્લાસીસમાં ફાયર સેફ્ટીના નિયમોમાં ગંભીર ખામીઓ તેમજ બેદરકારી જોવા મળી હતી. આ તમામ ૧૫ કોચિંગ ક્લાસીસને ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક નોટિસ ફટકારવામાં આવી છે અને નિર્ધારિત સમયમર્યાદામાં તમામ ખામીઓ સુધારી લેવા માટે કડક સૂચના આપવામાં આવી છે. આ સાથે જ ભવિષ્યમાં આવી ખામીઓ ન સર્જાય તે માટે ક્લાસીસના સંચાલકોને ફાયર સેફ્ટી અંગેની વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. ફાયર વિભાગે સ્પષ્ટ કર્યું છે કે નિયમોનું પાલન ન કરનાર એકમો સામે આગામી સમયમાં સીલિંગ સહિતની કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

**કોચિંગ ક્લાસીસ પર કાર્યવાહી કરાઇ**

૧)સમર્થ એજ્યુકેશન - અમિતનગર ચાર રસ્તા પાસે, ૨)દેવ વોકેશનલ ટ્રેનિંગ - VIP રોડ, ૩)કેનોન કો. ઇન્સ્ટિટ્યૂટ - વાઘોડિયા રોડ, ૪)દીપ પટેલ ક્લાસીસ - વૈકુંઠ ચાર રસ્તા, વાઘોડિયા રોડ, ૫)કોમ્પ્યુટર સેન્ટર - વાઘોડિયા રોડ, ૬)કે.એસ. ટેકનોલોજી ઇન્સ્ટિટ્યૂટ, ૭)લિટલ રેમ્બો કિડ્સ - તરસાલી, ૮)યુ વિલ ક્લાસીસ - મલ્હાર પોઇન્ટ, વડીવાડી, ૯)અસ્વિનસર કોમર્સ ક્લાસીસ - મલ્હાર પોઇન્ટ, વડીવાડી, ૧૦)લિટલ જાયન્ટ્સ - ઓ.પી. રોડ, ૧૧)જે.કે. શાહ ક્લાસીસ - વડીવાડી, ૧૨)જે.પી. કી પાઠશાલા - ગોરવા પંચવટી, ૧૩)ગાયત્રી કોચિંગ ક્લાસીસ- મહાવીર હોલની બાજુમાં, વાઘોડિયા રોડ, ૧૪)વિજય શાહ એન્જીનીયરીંગ ક્લાસીસ- સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્સ, ૧૫)ઇન્દુ ક્લાસીસ શંકર ટેકરી રોડ, ટેકનોલોજી ફેકલ્ટી પાછળ.

### માત્ર ૨૪ કલાકમાં ૧૬ ટ્રેક્ટર અને ૧૭ ટ્રક સહિત કુલ 33 વાહનો ઝડપાયા

## રજાઓમાં સક્રિય થવાના ખનિજ માફિયાઓના ઈરાદા નિષ્ફળ કરતા કલેક્ટર ગાર્ગી જૈન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર:, તા.26

લાંબી સરકારી રજાઓ દરમિયાન અધિકારીઓ રજા પર હશે અને તેનો લાભ લઈ ગેરકાયદેસર ખનિજ પરિવહન કરી શકાશે તેવી ખનિજ માફિયાઓની ધારણાને જિલ્લા વહીવટીતંત્રે ખોટી સાબિત કરી છે. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ રચાયેલી વિશેષ ટીમોએ રાત્રિના સમયે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરી ગેરકાયદેસર ખનિજ પરિવહન સામે મોટી કાર્યવાહી કરી હતી.



કલેક્ટર ગાર્ગી જૈનના નિર્દેશ અનુસાર જિલ્લાના તમામ નાયબ કલેક્ટરો, તમામ મામલતદારો તથા સંબંધિત અધિકારીઓને વિશેષ ચેકિંગ અભિયાનમાં જોડવામાં આવ્યા હતા. રાત્રે આશરે 10 વાગ્યાથી શરૂ કરાયેલા આ ઓપરેશન દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ વિશેષ અભિયાન દરમિયાન માત્ર 24 કલાકમાં ગેરકાયદેસર ખનિજ પરિવહન કરતા કુલ 33 વાહનો ઝડપાયા, જેમાં 16 ટ્રેક્ટર અને 17 ટ્રકનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી ગેરકાયદેસર ખનિજ પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તત્વોમાં ખળભળાટ મચી ગયો હોવાનું માનવામાં આવે છે. જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનિજ પરિવહન સામે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. રજાના દિવસોમાં પણ તંત્ર સંપૂર્ણ સતર્ક અને સક્રિય રહી કામગીરી કરતું હોવાનું આ કાર્યવાહી પરથી સ્પષ્ટ થાય છે.

ગેરકાયદેસર ખનન અને ખનિજ પરિવહન સામે શૂન્ય સહનશીલતાની નીતિ યથાવત્ રહેશે અને કાયદાનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહીથી જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ પરિવહન પર વધુ અસરકારક નિયંત્રણ સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ સફળતા મળી હોવાનું માનવામાં આવે છે.

## ફતેપુરા તાલુકામાં વરસાદ નહી પડતા ખેડૂતોમાં ચિંતા વધી

**વરસાદ** ખેંચાતા ખેતીના કામો પર અસર થવાની ભીતી

(પ્રતિનિધિ) ફતેપુરા , તા.26

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકા વિસ્તારમાં શુક્રવારે વહેલી સવારથી આકાશમાં ઘેરાયેલા વાદળો અને ઠંડકભર્યા વાતાવરણને કારણે વરસાદની આશા જાગી હતી. અનેક ગામોમાં લોકો વરસાદ પડશે તેવી અપેક્ષા સાથે રાહ જોઈ રહ્યા હતા, પરંતુ બપોર બાદ અચાનક જ તાપમાનમાં વધારો થતા કાળઝાળ ગરમીનો અનુભવ થયો હતો. સવારના સમયે વાતાવરણમાં ભેજ અને વાદળછાયા માહોલને કારણે ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ખાસ કરીને વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો વાવણી માટે યોગ્ય વરસાદની રાહ જોઈ રહ્યા છે. પરંતુ દિવસ ચઢતા જ તડકો તેજ બનતા લોકો ગરમીથી અકળાઈ ઉઠ્યા હતા. બજારો અને જાહેર સ્થળોએ બપોરના સમયે સામાન્ય દિવસોની સરખામણીએ ઓછી અવરજવર જોવા મળી હતી. ગરમી અને ઉકળાટને કારણે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા. બીજી તરફ ખેડૂતોમાં ફરી એકવાર નિરાશાનું વાતાવરણ સર્જાયું છે, કારણ કે વરસાદ ખેંચાતા ખેતીના કામો પર અસર થવાની ભીતિ ઉભી થઈ છે. હવામાનમાં અચાનક થતા ફેરફારોને કારણે લોકોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે કે ક્યારે મેઘરાજા મન મુકી વરસશે અને ગરમીમાંથી રાહત મળશે.

### પોલિટેકનિકના 26 વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત

## ચાંપાનેર, નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટી અને વિરાટ નારાયણ ગૌશાળાની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

પોલિટેકનિકના 26 વિદ્યાર્થીઓ અને 10 મેન્ટર્સે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ ખેડ્યો હતો. સવારે 6 થી બપોરે 3 વાગ્યા સુધી યોજાયેલા પ્રવાસમાં ત્રણ સ્થળોની મુલાકાત લેવાઈ હતી.

સૌપ્રથમ ચાંપાનેર હેરિટેજ સાઈટ ખાતે વિદ્યાર્થીઓએ પથ્થર-ઈંટની ઐતિહાસિક રચનાઓ નિહાળી હતી. સાથે જ હેરિટેજ સ્થળે સ્વચ્છતા અભિયાન પણ ચલાવી જાગૃતિનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ પાવાગઢ નજીકની ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીમાં કુલપતિ ડૉ. સી. કે. ટીંબડિયાએ વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી




ફાર્મની મુલાકાત લઈ જીવામૃત બનાવવાની પદ્ધતિ પણ શીખી હતી. બપોરે તાજપુરા સ્થિત શ્રી નારાયણ આરોગ્યધામ અન્નપૂર્ણા ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. વિરાટ નારાયણ વનવાટિકામાં સિંદૂરના વૃક્ષ સહિત 100 પ્રજાતિના વૃક્ષો અને ગૌશાળામાં 600 દેશી ગીર ગાયોનું વૈજ્ઞાનિક સંચાલન નિહાળ્યું હતું. વિદ્યાર્થીઓએ ઘન જીવામૃત બનાવવાની પ્રક્રિયા પણ જાણી હતી. આ પ્રવાસથી વિદ્યાર્થીઓને હેરિટેજ સંરક્ષણ, પર્યાવરણ, જૈવ વિવિધતા અને ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતીનું પ્રત્યક્ષ જ્ઞાન મળ્યું હતું. સૌએ ઉન્નત ભારત અભિયાન હેઠળ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો.

## કાંકણપુર એમજીવીસીએલની પ્રિ-મોનસૂન કામગીરી સામે સવાલો

**જોખમી** વીજ થાંભલાઓ અને ખુલ્લી ડીપીથી અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) ગોધરા, તા.26

ગોધરા તાલુકાના કાંકણપુર એમજીવીસીએલ સબ ડિવિઝન હેઠળ આવતા ગામોમાં વીજ તંત્રની પ્રિ-મોનસૂન કામગીરી માત્ર કાગળ પર જ હોવાની ફરિયાદો ઉઠી છે. એમજીવીસીએલના મોતલ ફીડર અંતર્ગત આવતા પઢીયાર હરીના મુવાડા, અંદરના મુવાડા અને કરણના મુવાડા ગામોમાં અનેક વીજ થાંભલાઓ ભયજનક રીતે નમી ગયા હોવાથી અને ખુલ્લી વીજ ડીપીના કારણે સ્થાનિકોમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. ચોમાસામાં સામાન્ય પવન કે વરસાદની સ્થિતિમાં આ થાંભલાઓ ધરાશાયી થાય તો મોટો અકસ્માત સર્જાઈ શકે છે છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા લોકોમાં રોષની લાગણી જન્મી છે. પરંતુ કાંકણપુર સબ ડિવિઝનનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી ચર્ચાનો વિષય બન્યો છે. અહીંયા પરિસ્થિતિ એવી છે કે થોડો પણ વરસાદ પડે તો ગ્રામીણ વિસ્તારોમાં બે થી ત્રણ દિવસ સુધી અંધારપટ છવાઈ જાય છે. હરીના મુવાડા રોડ પર એકલદોકલ નહીં પરંતુ અનેક વીજ થાંભલાઓ નમી ગયેલી હાલતમાં જોવા મળે છે. ભારે પવન ફૂંકાય કે જમીનમાં પાણી ભરાય ત્યારે આ થાંભલાઓ ગમે ત્યારે પડી શકે છે જેનાથી મુખ્ય માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ અને ખેતરે જતા ખેડૂતોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે.

### બે બંધ મકાનમાંથી રૂ. ૬૦ હજારની ચોરી

## દાહોદના ઝાલોદરોડ ઓવર બ્રિજ નીચે જીરુવાલા ચાલમાં તસ્કરો ત્રાટક્યા

**બે** બંધ મકાનને નિશાન બનાવી રૂપિયા ૬૦ હજારની મત્તાનો હાથ ફેરો કરી ગયા

(પ્રતિનિધિ) દાહોદ , તા.26

દાહોદ શહેરના ઝાલોદ રોડ ઓવરબ્રિજ નીચે આવેલ જીરુંવાલા ચાલમાં ગઈકાલે રાતે ત્રાટકેલા તસ્કરોએ બે બંધ મકાનને નિશાન બનાવ્યા હતા અને બંને મકાનોમાંથી કુલ મળી રૂપિયા ૬૦ હજારની મત્તા ચોરી લઈ ગયાનું જાણવા મળેલ છે

ગઈકાલે રાત્રિના સમયે કેટલાક તસ્કરો ચોરી કરવાના મક્કમ ઈરાદે દાહોદ શહેરના ઝાલોદ રોડ ઓવરબ્રિજ નીચે આવેલ જીરુવાલા ચાલમાં ત્રાટક્યા હતા. એક ચોકીદારના બંધ મકાન સહિત કુલ બે બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. અને ચોકીદારી કરતા જાકીરમિયા જફારમીયા મલેકના બંધ મકાનને નિશાન બનાવી મકાનના ઓટીએસ માંથી મકાનમાં પ્રવેશી ઘરમાં મુકેલ તિજોરીનું લોકર તોડી લોકરમાં મૂકી રાખેલ રૂપિયા ૪૫૦૦૦/-ની રોકડ તથા બચત માટે બાળકોનો માટીનો ગલ્લો તોડી તેમાના રૂપિયા ૫૦૦૦/-ની રોકડ મળી રૂપિયા ૫૦ હજારની મત્તાનો હાથફેરો કર્યા બાદ તસ્કરોએ જયેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ ભુરીયાના મકાનને નિશાન બનાવ્યું હતું. અને બારીની ગ્રીલની લોખંડની પટ્ટીઓ કાપી બારી વાટે મકાનમાં પ્રવેશ્યા હતા અને તિજોરીના લોકર માં મુકી રાખેલ રૂપિયા ૧૦હજારની રોકડ ચોરીને લઈ ગયા હતા. આમ કુલ બે ઘરમાંથી રૂપિયા ૬૦ હજારની મત્તાનો હાથેફેરો કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.

આ સંબંધ દાહોદ, ઝાલોદ ઓવર બ્રિજ નીચે જીરૂવાલા ચાલમાં રહેતા અને ઘરફોડ ચોરીનો ભોગ બનેલ ચોકીદારીનું કામ કરતા જાકીરમિયા જાફારમિયા મલેકે દાહોદ દાહોદ ટાઉન બી ડિવિઝન પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલ ગોહ્યા બજારમાં ૩ જુગારી ઝડપાયા, ૧ ફરાર

(પ્રતિનિધિ) તા.26 કાલોલ

કાલોલ શહેરમાં આવેલ ગોહ્યા બજાર શાક માર્કેટ પાસેથી આંક-ફરકનો જુગાર રમાડનાર સહિત સાલમીન સૈયદ અરબ (ઉ.વ. ૭૨): જે જમીન પર બેસીને આંકડા લખતો હતો. તેની પાસેથી બે મોબાઈલ ફોન અને અંગઝડતીમાંથી રૂ. ૨,૧૦૦ મળી આવ્યા હતા. મંછાજી બાબુજી મારવાડી અંગઝડતીમાંથી રૂ. ૨૭૦ મળ્યા હતા. ભલાભાઈ ચંદુભાઈ ઓડ પકડાયેલ, જેની અંગઝડતીમાંથી રૂ. ૩૧૦ મળ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીઓ પાસેથી કુલ રૂ. ૨,૬૮૦ની રોકડ રકમ, રૂ. ૬,૦૦૦ ની કિંમતના ૨ મોબાઈલ ફોન અને અન્ય સામગ્રી મળી કુલ રૂ. ૮,૭૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કર્યો છે.

## વેજલપુર પોલીસે દારૂ સાથે એક બુટલેગરને ઝડપી પાડ્યો


**ભાગતી** વખતે પડી જવાથી તેને ડાબા પગની એડીના ભાગે સામાન્ય ઇજા થઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.26

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસને બાતમી મળી હતી કે, વેજલપુરના ચમારવાસમાં રહેતો સોહેલ ઉર્ફે સોએબ શકુર મન્સૂરી નામનો ઈસમ તેના ઘરે તેમજ વેજલપુર ચલાલી રોડ પર આવેલ ગેસ ગોડાઉન પાસે ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી છૂટક વેચાણ કરે છે.આ બાતમીના આધારે પોલીસે બે સ્વતંત્ર પંચોના માણસોને સાથે રાખી ખાનગી વાહનો દ્વારા બાતમીવાળી જગ્યાએ પ્રોહિબિશન રેઈડ કરી હતી. આરોપીના ખુલ્લા ઘરમાં તપાસ કરતા તે હાજર મળ્યો ન હતો અને ત્યાંથી કોઈ વાંધાજનક વસ્તુ મળી ન હતી. ત્યારબાદ પોલીસની ટીમ વેજલપુર ચલાલી રોડ પર આવેલ ગેસ ગોડાઉન તરફ આગળ વધી રહી હતી, ત્યારે એક ઈસમ હાથમાં વિમલનો થેલો લઈને પોલીસને જોઈને ભાગવા લાગ્યો હતો. ભાગવાના પ્રયાસમાં તે ખેતરમાં પડી ગયો હતો, જેથી સાથેના પોલીસ કર્મચારીઓએ દોડીને તેને પકડી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે પોતાનું નામ સોહેલ ઉર્ફે સોએબ શકુર મન્સૂરી (રહે. વેજલપુર વાલ્મીકિ વાસ, તા. કાલોલ, જી. પંચમહાલ) હોવાનું જણાવ્યું હતું. ભાગતી વખતે પડી જવાથી તેને ડાબા પગની એડીના ભાગે સામાન્ય ઈજા થઈ હતી. કુલ ૨૪,૭૫૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# પંચમહાલ-દાહોદમાં મહોરમ પર્વ નિમિત્તે તાજિયા વિસર્જન

### કાલોલ નગરના મુસ્લીમ બિરાદરો દ્વારા યૌમે આશુરા મોહર્રમ પર્વની ઉજવણી કરાઇ



કાલોલ : ઇસ્લામ ધર્મના સ્થાપક પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના દોહિત્ર પુત્ર હઝરત ઈમામ હુસૈનની શહાદતને યાદ કરીને મુસ્લિમ સમુદાયના લોકો મોહરમ પર્વની ઉજવણી કરે છે. મહોરમ મહિનાનો દસમો દિવસ સૌથી વિશેષ માનવામાં આવે છે.ઈતિહાસમાં જણાવવામાં આવ્યું છે કે મોહરમ મહિનાની ૧૦ તારીખે પયગંબર હઝરત મોહમ્મદના સાહેબના દોહિત્ર પુત્ર હઝરત ઈમામ હુસૈન કરબલાના યુદ્ધમાં શહીદ થયા હતા.તેમને ઇસ્લામના રક્ષણ માટે પોતાનું બલિદાન આપ્યું હતું અને આ યુદ્ધમાં તેમની સાથે તેમના ૭૨ સાથીઓ પણ શહીદ થયા હતા.જ્યારે આ યુદ્ધ સત્ય માટેનું હતું.જ્યારે દર વર્ષે મુસ્લિમ બિરાદરો ઈમામ હુસૈન ની યાદમાં મોહરમની ઉજવણી કરે છે.

### દાહોદમાં આજે તાજીયાનું વિસર્જન પરંપરાગત વિસર્જન કરાયું



દાહોદ : દાહોદ શહેરમાં મુસ્લિમ સમાજ દ્વારા મોહરમ પર્વ ગત દિવસો દરમિયાન ઉજવવામાં આવ્યો હતો આજે શુક્રવારના રોજ આ પર્વે પરંપરાગત રીતે તાજીયા વિસર્જન કરાશે ગઈ કાલને ગુરુવારના રોજ શહેરમાં કલાત્મક તાજીયા નું જુલુસ કાઢવામાં આવ્યું હતું તેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા આ પ્રસંગે શહેરમાં શાંતિ જળવાઈ રહે અને સારા માહોલ માં પર્વ ઉજવાય તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણ પણે એલર્ટ મોડમાં જોવા મળી રહ્યું છે શહેરના વિવિધ માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સઘન પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે બીજી તરફ દાહોદ પાલિકા દ્વારા પણ વિસર્જન માટે ખાસ આયોજન કરાયુ છે.

### હાલોલમાં મોહરમ પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી, તાજીયાના ઝુલુસમાં ઉમટી ભારે જનમેદની



હાલોલ : પેગંબર હઝરત મોહમ્મદ સાહેબના દોહિત્ર પૌત્ર હઝરત ઇમામ હુસૈનની પવિત્ર યાદમાં હાલોલ નગરમાં મોહરમ પર્વની શ્રદ્ધાભેર અને શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી આજે શુક્રવારના રોજ કરવામાં આવી હતી. આ નિમિત્તે નગરમાં પરંપરાગત રીતે તાજીયાનું ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. મોહરમના પર્વ નિમિત્તે હાલોલના હુસેની ચોક કસ્બા ખાતેથી તાજીયાના ભવ્ય ઝુલુસનો પ્રારંભ થયો હતો. આ વર્ષે ઝુલુસમાં સામેલ કરવામાં આવેલા વિવિધ મંડળોના કલાત્મક તાજીયા નગરજનોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ઇમામ હુસૈનની શહાદતને યાદ કરી મુસ્લિમ સમાજના લોકોએ ભક્તિભાવપૂર્વક ઝુલુસમાં હાજરી આપી હતી.

### ખંભાતમાં ઐતિહાસિક મોટા જરીનો ભવ્ય જુલુસ નીકળ્યું, મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યાં



બોડેલી : ખંભાત નગરમાં મોહરમ પર્વ નિમિત્તે 10મા ચાંદના દિવસે દર વર્ષની પરંપરા મુજબ ઐતિહાસિક મોટા જરીનો ભવ્ય જુલુસ શ્રદ્ધા અને આસ્થાભેર યોજાયો હતો. અંદાજે 11 ટન વજન ધરાવતા મોટા જરીને મુસ્લિમ બિરાદરો દ્વારા ખભા પર ઊંચકીને શહેરના મુખ્ય માર્ગો પરથી જુલુસ કાઢવામાં આવ્યો હતો. આ મોટા જરી ખંભાત ના નવાબ સાહેબ ના પૂર્વજો ઈરાનથી અંદાજિત 300 વર્ષ પહેલા લાવ્યા હતા અને ત્યારથી જ આ પરંપરા ચાલી રહી છે.જુલુસ દરમિયાન "હુસૈન યા હુસૈન" ના ગુંજતા નારાઓથી સમગ્ર ખંભાત નગર ગુંજી ઉઠ્યું હતું. આસ્થા અને ઉત્સાહ સાથે શ્રદ્ધાળુઓએ મોટા જરીને "હુસૈન યા હુસૈન" ના નારા સાથે આગળ વધારીયા હતા .